પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૮૦ | ૨૧ ડીસેમ્બર, ૨૦૨૦, સોમવાર; માગશર સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# નેપાળમાં રાજકીય સંકટ : ચૂંટણીની જાહેરાત



**વડાપ્રધાન ઓલી રાષ્ટ્રપ્રમુખને મળવા માટે પહોંચ્યા, તેઓ સંસદ ભંગ કરવાની ભલામણ નેપાળના રાષ્ટ્રપ્રમુખને કરી : નેપાળના રાષ્ટ્રપ્રમુખે સંસદ ભંગ કરી ચૂંટણીની જાહેરાત કરી : ૩૦ એપ્રિલથી ૧૦ મેની વચ્ચે ચૂંટણી યોજશે**

કાઠમંડુ,તા.૨૦

નેપાળમાં રાજકીય સંકટ ઊભું થયું છે. વડાપ્રધાન કેપી શર્મા ઓલીએ રવિવારે સંસદ ભંગ કરવાની ભલામણ કરી હતી. બીજી તરફ, રાષ્ટ્રપ્રમુખ વિદ્યા દેવી ભંડારીએ સંસદને ભંગ કરવાની ઔપચારિક મંજૂરી આપી દીધી છે. નેપાળમાં આવતા વર્ષે ૩૦ એપ્રિલથી ૧૦ મેની વચ્ચે ચૂંટણી યોજવામાં આવશે. રાષ્ટ્રપ્રમુખ કાર્યાલયે આ જાણકારી આપી છે. મૂળે, નેપાળના વડાપ્રધાન કે.પી. શર્મા ઓલીએ નેપાળ સંસદ ભંગ કરવાનો નિર્ણય લીધો હતો. તેઓએ કેબિનેટની મીટિંગ બોલાવીને આ નિર્ણય લીધો. ત્યારબાદ વડાપ્રધાન ઓલી રાષ્ટ્રપ્રમુખ બિદ્યા દેવી ભંડારીને મળવા માટે શીતલ નિવાસ પહોંચ્યા. તેઓએ સંસદ ભંગ કરવાની ભલામણ નેપાળના રાષ્ટ્રપ્રમુખને કરી. રવિવારે ઓલી કેબિનેટની ઈમજન્સી બેઠક સવારે ૧૦ વાગ્યે બોલાવવામાં આવી હતી. એવી આશા વ્યક્ત કરવામાં આવી રહી હતી કે તેઓ અધ્યાદેશ બદલાવાની ભલામણ કરશે. તેનાથી વિપરિત મંત્રીમંડળે સંસદ ભંગ કરવાની ભલામણ કરી છે. નેપાળના રાષ્ટ્રપ્રમુખ કાર્યાલયે જણાવ્યું કે નેપાળની રાષ્ટ્રપ્રમુખ વિદ્યા દેવી ભંડારીએ સંસદને ભંગ

● અનુસંધાન પાન-૭ પર

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એકાએક રકાબગંજ ગુરુદ્વારા પહોંચી માથું ટેકવ્યું

**ગુરૂ તેગબહાદુરને શ્રદ્ધાંજલિ આપી : દુનિયાભરના લાખો લોકોની જેમ જ ગુરુ તેગ બહાદુરજીની દયાળુતાથી ખૂબ પ્રેરિત થયો છું : વડાપ્રધાન નરેન્દ્ર મોદી**



ન્યુ દિલ્હી,તા.૨૦

વડા પ્રધાન નરેન્દ્ર મોદી આજે સવારે દિલ્હી સ્થિત ગુરૂદ્વારા રકાબગંજ પહોંચ્યા જ્યાં તેમણે ગુરૂ તેગબહાદુરને શ્રદ્ધાંજલિ આપી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો આ પ્રવાસ અચાનક નક્કી થયો હતો. જ્યારે વડા પ્રધાન મોદી અહીં પહોંચ્યા તો કોઈ વિશેષ પોલીસ બંદોબસ્ત નહોતો તેમજ કોઈ પણ પ્રકારનું ટ્રાફિક ડાયવર્ઝન કરવામાં આવ્યુ નહોતુ. વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો આ પ્રવાસ અચાનક નક્કી થયો હોવાથી ગુરૂદ્વારાની આસપાસ કોઈ વિશેષ સુરક્ષા વ્યવસ્થા નહોતી.

દિલ્હીનુ ગુરૂદ્વારા રકાબગંજ શીખનુ પવિત્ર સ્થળ છે. આ ગુરૂદ્વારા સંસદ ભવન નજીક આવેલુ છે. જેનુ નિર્માણ સન ૧૭૮૩માં થયુ હતુ. આ તે જ સ્થળ છે જ્યાં શીખોના નવમાં ગુરૂ ગુરૂ તેગ બહાદુરજી ના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. અહીં તેમના શિશવિહીન શરીરનો તેમના શિષ્ય લખી શાહ બંજારા અને તેમના પુત્રએ અંતિમ સંસ્કાર કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે મુગલ શાસક ઔરંગઝેબે ૧૧ નવેમ્બર ૧૬૭૫માં દિલ્હીના ચાંદની ચોકમાં

● અનુસંધાન પાન-૭ પર

# બેંકનું ૨.૭૬ કરોડનું ફલેકું ફેરવનાર ઝડપાયો

**પુત્રના બર્થ સર્ટિફિકેટના આધારે પકડાયો : ઘણી પ્રોપર્ટી ગિરવી રાખીને બેંક પાસેથી કરોડોની મેળવી હતી : ૨૦૧૨માં કોર્પોરેશન બેંકની ફરિયાદ મળી હતી**

નવીદિલ્હી, તા. ૨૦

દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચે ભુવનાશ ખરબંદા નામના એક શખસની ધરપકડ કરી છે. આરોપ છેકે ભુવનાશે નકલી ડોક્યુમેન્ટના આધારે એક બેંક સાથે ૨.૭૬ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરી છે. પોતાના દીકરાના બર્થ સર્ટિફિકેટના કારણે તે પોલીસના હાથમાં આવી ગયો. આર્થિક ગુના શાખાના જોઈન્ટ સીપી ઓપી મિશ્રાના કહેવા મુજબ, ૨૦૧૨માં કોર્પોરેશન બેંકની વસંત વિહાર બ્રાન્ચ તરફથી ભુવનાશ વિરુદ્ધ ફરિયાદ મળી હતી. ફરિયાદ મુજબ, ભુવનાશે પોતે પ્રોપર્ટી વેપારી હોવાનું જણાવતા કહ્યું હતું કે તે બી.કે એન્ટરપ્રાઈઝ લિમિટેડનો માલિક છે જેની ઓફિસ પટેલ નગરમાં છે.

ભુવનેશે ઘણી પ્રોપર્ટી ગિરવી રાખીને બેંક પાસેથી ૩૦૦ કરોડ રૂપિયાની લોન માગી હતી. બેંકે તેને ૨.૭૬ કરોડ રૂપિયાની લોન આપી પણ દીધી. પછી બાદમાં માલુમ પડ્યું ક ભુવનાશે લોન લેતા સમયે નકલી દસ્તાવેજ આપ્યા હતા. આટલું જ નહીં તેની સંપતિ પહેલાથી જ અન્ય બેંકોમાં ગિરવે મૂકેલી છે.

પોલીસે આ મામલે કેસ નોંધીની તપાસ શરૂ કરી દીધી પરંતુ ભુવનાશ ગાયબ થઈ ગયો. તપાસમાં જાણવા મળ્યું કે ભુવનાશે આ બે નંબરનું કામ પોતાના સસરા સંજય ભાટિયા અને સાસુ પાસેથી શીખ્યું હતું. પોલીસ મુજબ, ૨૦૧૯માં તેમને જાણકારી મળી હતી કે ભુવનાશ પિતા બન્યો છે. પોલીસે આખરે સ્ઝ્ઝ પાસેથી બાળકના બર્થ સર્ટિફિકેટના આધાર પર ભુવનાશનું એડ્રેસ મેળવી લીધું અને તે પકડાઈ ગયો. હવે પોલીસ તેની પૂછપરછ કરી રહી છે.

# દેશમાં ભલે કોરોનાના એક કરોડ કેસ, પણ લક્ષ્યદ્વીપમાં એકપણ કેસ નથી

**લક્ષ્યદ્વીપમાં ફરજિયાત માસ્ક પહેરવા તેમજ સોશિયલ ડિસ્ટન્સિંગના આકરા નિયમો નથી : છાત્રો સ્કૂલે જાય છે**




કોચી, તા. ૨૦

વિદ્યાર્થીઓનું એક ગ્રુપ સામાજિક મુદ્દાઓ પર શેરી નાટક કરવા આવે અને તેમને જોવા માટે સામે લોકોનું ટોળું એકઠું થયું હોય. આવી વાત કરતા તમને કોરોનાકાળ પહેલાનો સમય યાદ આવી જશે, કારણ કે કોરોના આવ્યા ત્યારથી લોકોના એકઠા થવાનું તો દૂર બહાર નીકળવાનું પણ ટાળતા હોય છે. પરંતુ ભારતના કવરત્તી ટાપુ પર આ ઘટના થોડા દિવસો પહેલા જ બની હતી. લક્ષ્યદ્વીપમાં શુક્રવાર સાંજ સુધીમાં કોરોનાનો એકપણ કેસ નોંધાયો નથી, અહીં લોકો એકદમ સામાન્ય જીવન જીવી રહ્યા છે.

અહીં ફરજિયાત માસ્ક પહેરવા કે સોશિયલ ડિસ્ટન્સિંગના પાલન કરવાના કોઈ આકરા નિયમો નથી. લક્ષ્યદ્વીપના તમામ ૧૦ ટાપુઓ પર લગ્ન અને અંતિમક્રિયાની વિધિ મોટી સંખ્યામાં લોકોના એકઠા થવા સાથે થઈ રહી છે. અહીં સમગ્ર દેશની સરખામણીએ વધુ એક મોટો તફાવત છે અને તે છે અહીં વિદ્યાર્થીઓ સ્કૂલે જાય છે.

● અનુસંધાન પાન-૭ પર

# અમિત શાહનો દીદીને ચૂંટણી માટે લલકાર

કોલકત્તા,તા.૨૦

ગૃહ મંત્રી અમિત શાહ બે દિવસના બંગાળના પ્રવાસે છે. આજે તેમના બંગાળ પ્રવાસનો બીજો દિવસ છે. શાહ આજે બીરભૂમમાં છે. બીરભૂમમમાં અમિત શાહ શાંતિ નિકેતન સ્થિત વિશ્વભારતી યુનિવર્સિટી પહોંચ્યા હતા. ત્યાં તેમણે ગુરૂદેવ રવીન્દ્ર નાથ ટાગોરને શ્રદ્ધાંજલિ આપી હતી. ત્યારબાદ બીરભૂમમાં બાઉલ ગાયકના ઘરે બપોરે ભોજન ગ્રહણ કર્યુ હતું. ત્યારબાદ બોલપુરમાં શાહે રોડ-શો કર્યો હતો. રોડ-શોમાં ઉમટેલી જનમેદની જોઈ શાહે કહ્યુ કે, આવો રોડ શો જીવનમાં ક્યારેય જોયો નથી. શાહે કહ્યુ કે, બંગાળની જનતા પરિવર્તન ઈચ્છે છે. રોડ શોમાં હાજર લોકોને સંબોધિત કરતા અમિત શાહે કહ્યુ કે, બંગાળના લોકોના મતનમાં પીએમ મોદીના મનમાં પ્રેમ જોવા મળી રહ્યો છે. મમતા બેનર્જી પર સીધો હુમલો કરતા શાહે કહ્યુ કે, આગામી ચૂંટણીમાં ભત્રીજાની દાદાગિરી સમાપ્ત કરવા ફેરફાર થશે. બાંગ્લાદેશમાં ઘુષણખોરોને હટાવવા માટે ફેરફાર થશે. ભારત માતાની જય, જય શ્રીરામના નારા વચ્ચે શાહે કહ્યુ કે, લોકોએ પરિવર્તનનો નિર્ણય કરી લીધો છે, પરંતુ આ પરિવર્તન માત્ર વ્યક્તિનું પરિવર્તન નથી, આ પરિવર્તન બંગાળના વિકાસ માટે થશે. ઘુષણખોરી રોકવા અને હિંસાને ખતમ કરવા માટે પરિવર્તન થશે. આ ટોલબાજી વિરુદ્ધ પરિવર્તન થશે. ટોલબાજી બંધ કરવા માટે પરિવર્તન થશે.

**મેદાનમાં આવી જાવ, આ વખતે કમળ ખિલશે : અમીત શાહ : શાહ શાંતિ નિકેતન સ્થિત વિશ્વભારતી યુનિવર્સિટી પહોંચ્યા હતા ત્યાં ગુરૂદેવ રવિન્દ્રનાથ ટાગોરને શ્રદ્ધાંજલિ આપી**






## અમેરિકામાં ૨૪ કલાકમાં ૪ લાખ નવા કેસ નોંધાયા

વોશિંગટન, તા. ૨૦

વિશ્વની મહાસત્તા અમેરિકા હાલમાં કોરોના મહામારી સામે ગંભીર સ્થિતિમાં આવી પહોંચ્યુ છે. શરુઆતથી કોરોના સંક્રમણની ઝપેટમાં આવી ચૂકેલા અમેરિકામાં વિતેલા ૨૪ કલાકમાં કોરોના સંક્રમણના નવા કેસોમાં ભારે ભરખમ વધારો જોવા મળ્યો હતો. અહીં એક જ દિવસમાં ચાર લાખ નવા કેસ સામે આવ્યા હતા.

REQUIRED
REAL ESTATE FIELD
WORKING MALE
1 or 2 YEAR EXPERIENCE PREFERRED.
PAY + 10% TO 30% INCENTIVE.
M.99747 03401
M.98240 49098

